**"ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એકટ તથા તે હેઠળ બનેલા નિયમો-૨૦૧૩" અન્વયે જિલ્લા/તાલુકા કક્ષાની તકેદારી સમિતિની રચના, તેના કાર્યો, ફરજો અને સત્તા બાબત.**

# ગુજરાત સરકાર

## પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પરિપત્ર ક્રમાંક : ટીસીએસ/૧૦૨૦૧૪/૭૦૩૨૨/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૦/૧૦/૨૦૧૪

**વંચાણે લીધા :**

(૧) ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એકટ-૨૦૧૩, તા.૧૯/૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન રૂલ્સ-૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩

(૨) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે મળેલ તા.૩/૨/૨૦૧૪ ની સમીક્ષા બેઠકની કાર્યવાહી નોંધ

**પરિપત્ર :-**

સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં સમગ્ર દેશમાં ૬.૨૯ લાખ અસ્વચ્છ શૌચાલયો અને ગુજરાતમાં ૩૨,૬૯૦ અસ્વચ્છ શૌચાલયો હોવાનું જણાયેલ છે. આ બાબત ધ્યાને લઈ ભારત સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ-૧૯૯૩ ને રદ કરી, મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા જડમૂળમાંથી નાબૂદ કરવા વધુ અસરકારક જોગવાઈઓ સાથે વંચાણે લીધેલ (૧) માં દર્શાવેલ **" ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન એકટ-૨૦૧૩, તા.૧૯/૯/૨૦૧૩ તથા ધી પ્રોહીબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહબીલીટેશન રૂલ્સ-૨૦૧૩, તા.૧૨/૧૨/૨૦૧૩ "** નવા કાયદા/નિયમો બનાવેલ છે. સદરહુ એકટના અસરકારક અમલીકરણ માટે રાજય સરકારે જુદા જુદા વિભાગો/ખાતાઓના વડાઓની મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૩/૨/૨૦૧૪ ના રોજની સમીક્ષા બેઠકમાં લેવામાં આવેલ નિર્ણયો અનુસાર રાજયમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ તકેદારી સમિતિની રચના કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે જે અન્વયે પંચાયત વિભાગ હેઠળ જિલ્લા / તાલુકા કક્ષાની નીચે મુજબની તકેદારી સમિતિની રચના કરવામાં આવે છે.

Scanned by CamScanner

## (૧) જિલ્લા કક્ષાની તકેદારી સમિતિ (જિલ્લા પંચાયતના વિસ્તાર માટે) :–

| | | |
|---|---|---|
| | | અધ્યક્ષદ (હોદ્દાની રૂએ) |
| ૧ | કલેકટરશ્રી | |
| ૨ | જિલ્લામાંથી રાજ્ય વિધાનસભામાં ચૂંટાયેલ અનુસૂચિત જાતિના સભ્યશ્રી<br>જો જિલ્લામાંથી અનુસૂચિત જાતિના આવા સભ્ય ચૂંટાયેલ ન હોય તો રાજ્ય સરકાર બીજી જાતિના જિલ્લામાંથી ચૂંટાયેલ બે સભ્યોની નિમણૂંક કરી શકશે. | સભ્યશ્રી |
| ૩ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૪ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૫ | મેન્યુઅલ સ્કેવેન્જર્સના પ્રતિબંધ તથા પુનઃવસન માટે કામગીરી કરનાર સામાજિક કાર્યકર – ૪ કરતાં વધુ નહી જેમાં ૨–સભ્યો મહિલાઓ હશે અને તેઓની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૬ | જિલ્લામાં કામગીરી કરનાર – ૧ સભ્ય – તેઓની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૭ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી | સભ્ય સચિવશ્રી (હોદ્દાની રૂએ) |
| ૮ | મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ–૨૦૧૩ ના અસરકારક અમલ માટે રાજ્ય ધ્વારા નિયુકત જિલ્લા કક્ષાના અધિકારી કે એજન્સી જેની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રીનાઅભિપ્રાય અનુસાર કરવામાં આવશે. | સભ્યશ્રી |

## (૨) તાલુકા કક્ષાની તકેદારી સમિતિ (જિલ્લા પંચાયતના વિસ્તાર માટે) :–

| | | |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષ (હોદ્દાની રૂએ) |
| ૨ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૩ | નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૪ | તાલુકામાં આવેલ રેલ્વે ઓથોરીટીના નિયુકત પ્રતિનિધિ–૧ | સભ્યશ્રી (હોદ્દાની રૂએ) |
| ૫ | મેન્યુઅલ સ્કેવેન્જર્સના પ્રતિબંધ તથા પુનઃવસન કરવા માટે કામગીરી કરનાર સામાજિક કાર્યકર કે તાલુકામાં રહેતા સ્કેવેન્જર્સ કોમ્યુનીટીનું પ્રતિનિધિત્વ કરનાર સભ્યશ્રી– ૨ કરતાં વધુ નહી જેમાં ૧–સભ્ય મહિલા હશે અને તેઓની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૬ | તાલુકામાં આવેલ નાણાંકીય અને ધીરાણ સંસ્થાઓમાં કામગીરી કરનાર – ૧ સભ્ય – તેઓની નિમણૂંક પ્રાંત અધિકારીશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૭ | તાલુકા સમાજ કલ્યાણ અધિકારી | સભ્ય સચિવશ્રી (હોદ્દાની રૂએ) |
| ૮ | મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ–૨૦૧૩ ના અસરકારક અમલ માટે રાજ્ય ધ્વારા નિયુકત તાલુકા કક્ષાના અધિકારી કે એજન્સી જેની નિમણૂંક પ્રાંત અધિકારીશ્રીના અભિપ્રાય અનુસાર કરવામાં આવશે. | સભ્યશ્રી |


Scanned by CamScanner

ઉપરોક્ત જિલ્લા કક્ષાની તકેદારી સમિતિ તથા તાલુકા કક્ષાની તકેદારી સમિતિએ નીચે મુજબના કાર્યો / ફરજો બજાવવાના રહેશે :

**કાર્યો અને ફરજો :-**

(૧) જિલ્લા કક્ષાની સમિતિના કિસ્સામાં જિલ્લા કલેકટરશ્રીને અને તાલુકા કક્ષાની સમિતિના કિસ્સામાં પ્રાંત અધિકારીશ્રીને આ એકટ અને તે હેઠળના નિયમોના અમલીકરણ માટે જરૂરી સલાહ / સૂચનો આપશે.

(૨) જિલ્લા / તાલુકાના મેન્યુઅલ સ્કેવેન્જર્સના આર્થિક અને સામાજિક પુનઃવસન માટે એકટ/નિયમો મુજબની કાર્યવાહી કરશે.

(૩) જિલ્લા / તાલુકાના મેન્યુઅલ સ્કેવેન્જર્સના પુનઃવસન માટે કાર્ય કરતી તમામ એજન્સીઓ / વિભાગો / ઓફિસોના કાર્યોનું વ્યવસ્થિત સંકલન કરશે.

(૪) મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ તથા નિયમો હેઠળના વિવિધ પ્રકારના ગુનાઓની નોંધણી તથા તેની તપાસ વિગેરેની કામગીરી કરશે. આ ઉપરાંત આ એકટ અને તે હેઠળના નિયમોમાં પણ પ્રતિબંધિત પ્રવૃત્તિ ન થાય તે માટે દેખરેખ રાખશે.

(૫) ઈનસેનેટરી લેટ્રીન્સના સર્વેને લગતી તમામ પ્રકારની કામગીરીનું મોનીટરીંગ કરશે. નિર્મળ ભારત અભિયાન જેવી યોજનાઓની મદદથી બાકી ટોઈલેટ બાંધકામની કામગીરી, તેને લગતા પ્રચાર/પ્રસાર તથા લોંકસૂચનો મેળવી અસરકારક અમલીકરણની કામગીરી કરશે.

(૬) મેન્યુઅલ સ્કેવેન્જર્સને અન્ય બીજા લાભદાયી વ્યવસાયોમાં પુનઃવસન માટેની યોજનાઓમાં સમાવેશ કરવા અંગેની કાર્યવાહી અને તેના અસરકારક અમલ થાય તે અંગે દેખરેખ રાખશે.

(૭) ડબ્બા જાજરૂઓને સજળ જાજરૂમાં ફેરવવા માટે સજળ જાજરૂ બાંધકામ અને તેની નિભાવણી માટે જિલ્લા વહીવટીતંત્રનો સહકાર મેળવશે.

(૮) જિલ્લા/તાલુકાઓમાં આવેલ મેન્યુઅલ સ્કેવેન્જર્સના પુનઃવસનને લગતી કામગીરી કરનાર સ્વૈચ્છિક સંસ્થાઓ(એન.જી.ઓ.) ની મદદથી અવરનેસ કેમ્પેઈનનું (જનજાગૃતિ માટેની ઝુંબેશ)નું આયોજન કરશે.

(૯) મેન્યુઅલ સ્કેવેન્જર્સની કાર્યશૈલી તેમજ જીવનધોરણ ઉચ્ચતર બને તથા તેમાં સુધારો આવે તે માટે તાલીમ કાર્યક્રમોનું નિરીક્ષણ કરવાનું કાર્ય તથા તે માટેના અસરકારક પગલાં લેશે.

(૧૦) જિલ્લા કક્ષાની સમિતિએ પ્રતિ બે માસે ઓછામાં ઓછું એક વખત મળીને અને તાલુકા કક્ષાની સમિતિએ-પ્રતિ માસ ઓછામાં ઓછું એક વખત મળીને આ એકટ તથા તે હેઠળના નિયમો મુજબની કામગીરી અસરકારક રીતે થાય છે કે કેમ તે અંગેની સમીક્ષા કરવાની રહેશે.



Scanned by CamScanner

(૧૧) સરકારશ્રી ધ્વારા ઉપરોક્ત જણાવેલ એકટ અને તે હેઠળ બનાવવામાં આવેલ નિયમોના અનુસંધાને જે પણ અન્ય કામગીરી સોંપવામાં આવે તે તમામ પ્રકારની કામગીરી કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. યુ. પઠાણ)
ઉપ સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,
- અગ્રસચિવશ્રી (પં.) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, ગ્રામ વિકાસ, પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ કલ્યાણ, ગાંધીનગર
- સંયુકત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર
- મેનેજીગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
- શાખા સિલેકટ ફાઈલ

Scanned by CamScanner